**સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ અને નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓના ગૃહપતિ ભથ્થાના દર વધારવા બાબત**

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/ASC/e-file/17/2024/1045/K,

સચિવાલય, ગાંધીનગર

તા.૨૧/૦૯/૨૦૨૪

વંચાણમાં લીધા:

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૧/૦૧/૧૯૮૬નો ઠરાવ ક્રમાંક: અમશ/૧૪૮૪/૧૬૨૫/ગ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૬/૧૧/૨૦૦૩નો ઠરાવ ક્રમાંક: અશમ/૧૦૨૦૦૩/૧૩૧૬/અ.૧

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૮/૦૪/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક: SJED/ASC/CourtCase/17/2023/2728/K

(૪) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૧૦/૦૬/૨૦૨૪નો પત્ર ક્રમાંક: અજાક/ગ/આ.શા./૨૦૨૪/૩૩૨૬

(૫) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૦૪/૦૭/૨૦૨૪નો પત્ર ક્રમાંક: અજાક/ગ/આ.શા./૨૦૨૪/૩૭૭૩

(૬) નિયામકશ્રી(વિ.જા.ક.)નો તા.૦૬/૦૬/૨૦૨૪નો પત્ર ક્રમાંક: વિજાક/અમશ/૨૦૨૪-૨૫/૧૪૮

(૭) નિયામકશ્રી(વિ.જા.ક.)નો તા.૦૩/૦૭/૨૦૨૪નો પત્ર ક્રમાંક: વિજાક/અમશ/૨૦૨૪-૨૫/૧૭૯

આમુખ:

સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ અને નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓમાં ગૃહપતિની ફરજ નિભાવવા આચાર્ય/મુખ્ય શિક્ષકને આદિજાતિ વિકાસ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક(૧) પરના તા.૨૧/૦૧/૧૯૮૬ના ઠરાવથી માસિક

રૂ.૪૦/– લેખે અથવા આ જવાબદારી મદદનીશ શિક્ષક નિભાવે તો શિક્ષકને માસિક રૂ.૩૦/– લેખે ગૃહપતિ ભથ્થું ચૂકવવામાં આવે છે.

નામ. ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલ કેસ R/SCA No.9134/2005 (ગુજરાત રાજ્ય આશ્રમશાળા કર્મચારી સંઘ આશ્રમશાળા વિરૂધ્ધ ગુજરાત રાજ્ય અને અન્ય) અન્વયે વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૩) પરના તા.૦૮/૦૪/૨૦૨૪ના ઠરાવથી અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની અધ્યક્ષતામાં આશ્રમશાળાઓની વર્તમાન વ્યવસ્થાનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરવા સમિતિની રચના કરવામાં આવેલ. સદર સમિતિ દ્વારા અનુદાનિત આશ્રમશાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોને સાચવવાની એટલે કે ગૃહપતિની જવાબદારી નિભાવતાં શિક્ષકોને મળવાપાત્ર થતાં ગૃહપતિ ભથ્થાના દરમાં વધારો કરી માસિક રૂ.૧૦૦૦/– કરવા અંગેની દરખાસ્ત કરવા ભલામણ કરવામાં આવેલ.

આથી, હાલની મોંઘવારીને ધ્યાનમાં રાખીને તથા સમિતિની ભલામણના આધારે વિભાગ હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓમાં ગૃહપતિ તરીકે ફરજ બજાવતાં શિક્ષકના ગૃહપતિ ભથ્થામાં વધારો કરવા અંગે વંચાણે લીધેલ ક્રમાંક (૪) અને (૫) પરના નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૧૦/૦૬/૨૦૨૪ અને તા.૦૪/૦૭/૨૦૨૪ના પત્રો અને વંચાણે લીધેલ ક્રમાંક (૬) અને (૭) પરના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના તા.૦૬/૦૬/૨૦૨૪ અને તા.૦૩/૦૭/૨૦૨૪ના પત્રોથી અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**:-

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ અને નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓમાં ગૃહપતિની ફરજ નિભાવવા આચાર્ય/શિક્ષકનું ગૃહપતિ ભથ્થું માસિક રૂ.૧૦૦૦/– (વર્ષમાં દસ માસ) માટે આપવાનું નીચેની શરતોને આધિન આથી ઠરાવવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષોમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) શિક્ષકોના ગૃહપતિ ભથ્થાના દરનો વધારો ઠરાવ બહાર પાડ્યાની તારીખથી લાગુ પડશે.

(૭) નાણાંકીય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પદ્ધતિથી જ આપવાની રહેશે.

(૮) ગૃહપતિની જવાબદારી નિભાવતાં શિક્ષકો સંદર્ભે વંચાણે લીધેલ ક્રમાંક(૨) પરના વિભાગના તા.૦૬/૧૧/૨૦૦૩ના ઠરાવની જોગવાઈઓને અનુસરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે.

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓના શિક્ષકો માટે માંગણી ક્રમાંક–૯૫, મુખ્ય સદર–૨૨૨૫, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જન જાતિ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર–૦૧–અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ૨૭૭– શિક્ષણ, (૧૨)એસ.સી.ડબલ્યુ-૭ સુબેદાર રામજી આંબેડકર છાત્રાલય/ શ્રી જુગતરામ દવે આશ્રમશાળા યોજના(ગ્રા.ઇ.એ.) હેઠળ ખર્ચ ઉધારવાનો રહેશે.

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ હસ્તકની અનુદાનિત આશ્રમશાળાઓના શિક્ષકો માટે માંગણી ક્રમાંક: ૯૨, મુખ્ય સદર: ૨૨૨૫– અનુ.જાતિ/ અનુ.આદિજાતિ, અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૩– પછાતવર્ગોનું કલ્યાણ, ગૌણ સદર: ૨૭૭, પેટા સદર: ૧૧ ઓબીસી–૫ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટેની છાત્રાલયો અને આશ્રમશાળાઓ માટે સ્વૈચ્છિક સંસ્થાઓને સહાયક અનુદાન તથા માંગણી ક્રમાંક: ૯૨, મુખ્ય સદર: ૨૨૨૫– અનુ.જાતિ/ અનુ.આદિજાતિ, અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૮૦–સામાન્ય, ગૌણ સદર: ૧૦૧–વિમુક્ત અને અન્ય અસ્થાયી જાતિઓનું કલ્યાણ પેટા સદર: (૦૩) ડીએનટી– ૩ –છાત્રાલયો અને આશ્રમશાળાઓ માટે સ્વૈચ્છિક સંસ્થાઓને સહાયક અનુદાન હેઠળ ખર્ચ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગ અને સરકારશ્રીની તા.૦૨/૦૯/૨૦૨૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: KAUSHALKUMAR C LANGHNODA
Reason: Resolution sign
Location: Gandhinagar
Date: 21-Sep-2024 (12:40 PM)

(કૌશલ લાંઘણોદા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

નકલ રવાના:

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ–૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(નાણાં), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા./વિ.જા.) (નિયામકશ્રી(અ.જા.ક./વિ.જા.ક.) મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.
- સિલેકટ ફાઇલ–૨૦૨૪